NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2016

# GUJARATI FIRST ADDITIONAL LANGUAGE: PAPER II

Time: 2 hours | 70 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 7 pages. Please check that your question paper is complete.
2. There are four sections in this question paper. Each section has two questions. Every question has 35 marks. Only TWO questions must be answered from the entire paper. You may not answer both questions from one section.
3. Read the questions carefully.
4. Number your answers exactly as the questions are numbered.
5. It is in your own interest to write legibly and to present your work neatly.

---

IEB Copyright © 2016

**આપેલા આઠ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોનાં જવાબ લખો.**

**અહીં ફરજિયાત રૂપે એક લાંબો પ્રશ્ન અને એક ટૂંકો પ્રશ્ન પસંદ કરવાનો રહેશે.**

**પ્રશ્ન–૧.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો (કોઈપણ પાંચ)**

૧.૧.૧ લેખક પગરિક્ષામાં એક પેકેટ ભૂલી ગયા એનું કારણ શું હતું ? (4)

૧.૧.૨ જમ્યા પછી રામશરણે કઇ ચાલાકી કરી ? (4)

૧.૧.૩ પુંડલિક ભગવાનને પ્રણામ કરવા પોતાની જગાએથી કેમ ઊઠયો નહીં ? (4)

૧.૧.૪ પુંડલિકના વર્તનની ભગવાન પર શી અસર થઈ ? (4)

૧.૧.૫ ચોરે સિપાઈના વેશને શી રીતે ઓળખી કાઢયો ? (4)

૧.૧.૬ સિદ્ધાર્થે રાજા બિંબિસારને શું બોધ આપ્યો ? (4)

૧.૧.૭ યજ્ઞ એટલે શું ? (4)

**(4 × 5 = 20)**

**પ્રશ્ન–૧.૨ વ્યાકરણ**

**૧.૨.૧ નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખો(કોઈપણબે)**

અ. ભલાઈ

બ. ભક્ત

ક. લાયક (2)

**૧.૨.૨ નીચે આપેલા શબ્દોના સમાનાર્થી લખો(કોઈપણ બે)**

અ. માતા

બ. રાજા

ક. ચરણ (2)

IEB Copyright © 2016

**૧.૨.૩ નીચે આપેલા શબ્દો માટે એક શબ્દ લખો. (કોઈપણ બે)**

અ. ભગવાનનાં ચરણોનું જળ

બ. યજ્ઞમાં હોમવાની ક્રિયા

ક. જેનો નાશ નથી તે (2)

**૧.૨.૪ નીચેના શબ્દોની લિંગ બદલો. (કોઈપણ બે)**

અ. ઘેંટું

બ. રાજા

ક. કુમાર (2)

**૧.૨.૫ નીચે આપેલ જોડકાં યોગ્ય રીતે જોડો.**
**(આપેલ રૂઢિપ્રયોગનો બંધબેસતો અર્થ શોધો)**

| અ | બ |
| --- | --- |
| અ. રામ રમી જવા | અ. સખત મહેનત કરવી |
| બ. લોહીનું પાણી કરવું | બ. પ્રાણ ચાલ્યો જવો |
| | ક. લોહીને પાણી જેવું કરવું |

(4)

**૧.૨.૬ નીચે આપેલા શબ્દોનું યોગ્ય વચનનું રૂપ લખો.**

અ. પ્રશ્ન બ. રૂપિયો ક. સાડીઓ (3)

**(15)**

**[35]**

**અથવા**

**પ્રશ્ન– ૨ લેખકને પ્રામાણિકતાની મૂર્તિ રામશરણનો શું અનુભવ થયો એ વાત તમારા શબ્દોમાં નિરુપો.**

**[35]**

**અથવા**

**પ્રશ્ન– ૩**

૩.૧ માલવ માનસિક તનાવની સ્થિતિમાં કેમ હતો ? (5)

૩.૨ માલવને બે હજારનું પાકીટ ક્યાથી મળ્યું ?
તેણે એનું શું કર્યું ? (5)

૩.૩ માથુર પટેલે માલવને કઇ મુશ્કેલીઓ અંગે જણાવ્યું ? (5)

૩.૪ પોતાને મળેલું પાકીટ માલવે સંતોષભાઇને ઘેર કેવી
રીતે પહોંચાડયુ ? (5)

૩.૫ નીચે આપેલ રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં વાપરો.

૩.૫.૧ ત્રણ સાંધતા તેર તૂટે (2)

૩.૫.૨ ચિંતામાં ડૂબી જવું (2)

૩.૫.૩ પાડ માનવો (2)

૩.૬ નીચે આપેલા શબ્દોનાં સમાનાર્થી શબ્દો લખો.

દિવસ પતિ (4)

૩.૭ નીચે આપેલા વાક્યોમાંથી સર્વનામ શોધી જણાવો.

૩.૭.૧ તમે શેનો વેપાર કરો છો ?

૩.૭.૨ પાર્ટીમાં કોણ આવ્યું હતું ?

૩.૭.૩ આમ તો મને ક્રિકેટનો બહુ શોખ.

૩.૭.૪ હું વડાપ્રધાનને મળવા જવાનો છું.

૩.૭.૫ સલમાનને પોતાને જ આ વાતની જાણ નહોતી. (5)
**[35]**

**અથવા**

**પ્રશ્ન– ૪ એક જવાબદાર ભાઇ તરીકે માલવનું ચરિત્ર–ચિત્રણ તમારા શબ્દોમાં રજૂ કરો.**

**[35]**

**અથવા**

**પ્રશ્ન–૫ નીચે આપેલા પદ્યોમાંથી કોઇપણ ત્રણ પદ્યને તમારા શબ્દોમાં સમજાવો.**

પ.૧ " કેમ તમે આવ્યા છો ? " એમ નવ કહેજે રે!
એ જી એને ધીરે રે ધીરે તું બોલવા દેજે રે!
વાત એની સાંભળીને આડું નવ જોજે રે;
એજી એને માથું રે હલાવી હોંકારો તું દે જે રે
આવકારો મીઠો આપજે રે.
"કાગ એને પાણી પાજે,સાથે બેસી ખાજેરે,
એ જી એને ઝાંપારે સુધી તુ મેલવા જાજે રે!
આવકારો મીઠો આપજે રે . (12)

પ.૨ રે પંખીડા! સુખથી ચણજો,ગીત વા કાંઈ ગાજો;
શાને આવા મુજથી ડરીને,ખેલ છોડી ઊડો છો ?
પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું;
ના ના કો'દી તમ શરીરને કાંઇ હાનિ કરું હું
ના પાડી છે તમ તરફ કૈં ફેંકવા માળીને મેં. (12)

પ.૩ બે પાય ધરવા જેટલી
મારે જગા બસ જોઇએ,
એથી વધારે તો હજી
ક્યારેય તે રોકી નથી કોઈએ !
જ્યાં જ્યાં ફરું,
ટટ્ટાર હું જેની પરે ઊભો રહયો
તે જ્યાં જ્યાં ધરું
ને હેઠે પૃથ્વી જેટલી કંઈ માય
તે મારી! (11)

પ.૪ હાં રે હરિ વસે હરિના જનમાં,
હાં રે તમે શું કરશો જઈ વનમાં રે ?
ભેખ ધરીને તમે શીદ ભટકો છો ?
પ્રભુ નથી વન કે અરણ્યમાં રે.
કાશી જાઓ ને ગંગાજી ના'ઓ,
પ્રભુ નથી પાણી– પવનમાં રે. (11)

**[35]**

IEB Copyright © 2016 

**અથવા**

**પ્રશ્ન– ૬ નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.**
**(કોઈ પણ પાંચ)**

૬.૧ પ્રશ્ન ૫–ક માં નીચેનો ભાવ દર્શાવતી કાવ્યપંક્તિ શોધો
આ વિશ્વમાં કોઈ પણ વ્યક્તિ અમુકથી વધારે જગાની
માલિકી ધરાવી શકે નહિ. (7)

૬.૨ પ્રશ્ન ૫–બ માં કવિ પંખીઓને શું કહે છે ? (7)

૬.૩ પ્રશ્ન ૫–અ માં કોઈ પોતાના દુ:ખની વાત કહેતુ હોય ત્યારે શું
કરવાનું અને શું ન કરવાનું કવિ કહે છે ? (7)

૬.૪ પ્રશ્ન ૫–અ માં ઘરને આંગણે આવનારની કેવી મહેમાન ગતિ
કરવાનું કવિ સૂચવે છે ? (7)

૬.૫ પ્રશ્ન ૫–ડ માં મીરાંબાઈને મતે પ્રભુ ક્યાં વસે છે ? (7)

૬.૬ નીચેની પંક્તિ તમારા શબ્દોમાં સમજાવો.

કાશી જાઓ ને ગંગાજી ના'ઓ,
પ્રભુ નથી પાણી– પવનમાં રે. (7)

૬.૭ નીચેની સુભાષિત તમારા શબ્દોમાં સમજાવો.

ગાજ્યા મેઘ વરસે નહિ, ભસ્યા શ્વાન નવ ખાય,
બહુ બોલ્યા નવ રણ ચઢે, થોડ બોલ્યા ન ઘર જાય. (7)

૬.૮ માંગ્યા પ્રમાણે જવાબ લખો.

અ. સમાનાર્થી લખો. આવકારો, પાણી, પાય, પૃથ્વી, હરિ
બ. આવકારો કવિતાના કવિ.........છે.
ક. બે પાય ધરવા જેટલી કવિતાના કવિ...........છે. (7)

**[7 × 5 = 35]**

**અથવા**

**પ્રશ્ન–૭** શરૂઆતમાં કોઇ માનવીના નામ નહોતા, પછીથી નામો કેમ
પડયા હશે તેની વિનોદી કલ્પના તમારા શબ્દોમાં વાર્તારૂપે લખો.

**[35]**

IEB Copyright © 2016

**અથવા**

## પ્રશ્ન–૮ (ભગવાને નામ પાડયા)

૮.૧ ભગવાને ઘડેલી સૃષ્ટિ કેવી હતી ? (6)

૮.૨ માનવીઓના અટકચાળા સ્વભાવ વિશે ચિત્રગુપ્ત શું કહે છે ? (5)

૮.૩ ચિત્રગુપ્તનો ચોપડો કેવો હતો ? તેમાં તેને શ લખવાનું હતું ? (7)

૮.૪ નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.

૮.૪.૧ બધા માનવી નામ લેવા માટે ભગવાન પાસે આવ્યા.

૮.૪.૨ માનવીઓના નામ ફૂલોના નામ પરથી પાડવામાં આવ્યા. (4)

**૮.૫ નીચેના વાક્યો પૂર્વાપર સંબંધ આપી સમજાવો.**

(પૂર્વાપર = કોણ બોલે છે, કોને કહે છે, અને ક્યારે કહે છે અથવા શા માટે કહે છે)

૮.૫.૧ 'હે માનવીઓ ,તમને આજે અહીં નામ આપવા બોલાવ્યા છે.'

૮.૫.૨ 'આખી સૃષ્ટિ બનાવીને હું તો થાકી ગયો છું, હવે નવા નામ ક્યાં બનાવવા બેસુ?' (8)

**૮.૬ નીચે આપેલા શબ્દોનાં સમાનાર્થી શબ્દો લખો.**

| | | |
|---|---|---|
| માનવી | વિશ્વનિયંતા | સૃષ્ટિ |
| સૂરજ | છોકરો | |

(5)
**[35]**

**Total: 70 marks**

IEB Copyright © 2016